# ચીંચીંબેનને હબુકપોળી

– લતાબહેન હિરાણી

ચીંચીં અને ચુચુ પાક્કા દોસ્ત, ચીંચીં રહે ઝાડ અને ચુચુ રહે નીચે. રોજ સવાર પડે, બધા ફુલડા ખીલે અને બધા પખીડા ડાળે ડાળે ઝુલે. ચીંચીંબેન મોજથી જાગે અને એના ચકાને જગાડે. ક્યારેક ચકો ઉઠવામા આળસ કરે. પહેલા ચીંચીંબેન ગીત ગાય. તો ય ન ઊઠે તો પાખ પકડીને બેઠો કરી દે. ''ના ચાલે ભઈ, ના ચાલે.'' ચકો ઊઠે એટલે ચીંચીં આખ્ખો માળો સરસ મજાનો કરી નાખે.

એક દિવસ એવુ થયુ કે ચીંચીંએ રોજની જેમ સફાઈ કરી. પછી ડાળીબેનને પૂછ્ય, ''ડાળીબેન, ડાળીબેન તમે મજામા છો ને !!''

''આપણે તો એય ને લીલાલહેર છે....પણ કેમ વળી, એવુ પૂછવુ પડય ?? મારે શુ તકલીફ હોય ??

''એ તો, મારો ચકો કહે છે કે રોજ દાળચોખાની ખીચડી ખાઈને હુ કટાળ્યો છુ. આજે તુ કઈક જુદુ લઈ આવજે. એ કહે આ માણસો પિત્ઝા પિત્ઝા શુ કરે છે ! એવુ કઈક લાવજે ને !!''

''લે કર વાત !! ગાડી થઈ છો ? આપણને એવુ ન ચાલે. આપણે તો આપણી ખીચડી ભલી. ચકાના નખરા ન ચલાવીશ !!!''

''એ તો ઠીક છે એને જુદુ ખાવાનુ મન થાય તો ભલે ને ખાતો. પણ આ ગઈકાલે બહુ પવન વાયો હતો ને એટલે મને ચિતા છ. આ ચકો ગપસપ કરતો રહેશે ને જો બહુ વાયરો વાય તો મારો માળો પડી જાય. એટલે મને થય તમને કહી રાખુ.''

ડાળીબેન કહે, ''હુ ધ્યાન તો રાખુ જ છુ ને !! પણ તને ખબર છે કે મારાથી દોડાય નહીં !! એમ કર, તુ ઘુઘુભાઈને પણ કહેતીજા. ના રે ના, માળો સાચવવો એ ઘુઘુભાઈનુ કામ નહીં.

ચીંચીં, તુ નાહકની ચિતા કરે છે. ઘુઘુભાઈ દિલના કેવા સરળ છે ! તુ કહીશ એટલે તારુ કામ કરશે.

''અરે ડાળીબેન, ઘુઘુભાઈ કેવા ગદા છે ? રોજ મારા માળા પર એની ચરક પડે છે !! મારે ઘુઘુભાઈ જોડે વાત જ નથી કરવી.'' ચીંચીંના ગુસ્સો ઓછો નહતો થતો.

એવામા ત્યા કાકાભાઈ આવ્યા....એમણે આ વાત સાભળી હતી. એ કહે, ''ચીંચીંબેન !! શુ કામ મુઝાય છે ? તારા માળાનુ હુ ધ્યાન રાખીશ બસ ? તુ આરામથી જા. હુ આટલામા જ મારી ઊડની પ્રેકટીસ કરુ છુ. હજુ તો સાતમી ઊડ ચાલે છે. પવન આવશે અને તારો માળો નીચે પડી જશે તો હુ ચાચથી ઉપાડીને પાછો ડાળી પર ગોઠવી દઈશ, બસ ?''



ચીંચીં ખુશખુશાલ થઈ ગઈ, પાખ ફફડાવતી નીકળી પડી પિત્ઝા શોધવા. ચારે બાજુ ઉડતી જાય અને શોધતી જાય. હવે સવારના પહોરમા કોણ પિત્ઝા બનાવીને બેઠુ હોય ? કલાકો વીતી ગયા ચીંચીં થાકી. એને થયુ આ તો ખીચડીમાથી યે જશુ !! હવે એણે રોજની જેમ નીચે ખૂણે ખાચરે અનાજના દાણા શોધવાન શરૂ કર્યુ. પણ જ્યા જુએ ત્યા કીડીઓની હાર. બધુ અનાજ સફાચટ !!

અરેરે ! હવે શુ કરવુ ? બપોર થઈ ગઈ. ધોમધખતો તાપ હતો. એકબાજુ ચીંચીં થાકી હતી અને બીજી બાજુ એને એવી ભૂખ લાગી હતી કે ન પૂછો વાત ! એવામા એની નજર સામેની દુકાન પર ગઈ. એને સીધો દેખાયો ચીઝનો પીસ. ચીંચીંબેન થાકબાક બધુ ભૂલી ગઈ. ખુશખુશાલ થતી એ તો ઊડી

અને ઝપ દઈને ઉપાડયો ચીઝનો પીસ. પીત્ઝા નહીં તો ચીઝ હી સહી !! ભાગી એ તો માળા તરફ. ઉડતી જાય અને ચાચમા ચીઝનો પીસ સાચવતી જાય. આમને આમ એ પહોચી માળા પર.

કાકાભાઈ કહે ''આવી ગઈ ચીંચીંબેન ! ચાલો હવે હુ છુટ્ટો.''

કાકાભાઈ એનો પ્રોબ્લેમ સમજી ગયા. એ કહે, ''એમ કરો સામેના રોડ પર પાણીપુરીવાળો આવે છે. હુ ત્યાથી તમને બે ચાર પુરીઓ લાવી આપીશ. તમે તમારે ખાઈ લેજો.''

નીચેથી હા હા હા હા હસવાનો અવાજ આવ્યો. બનેએ નજર કરી ત્યા તો જોયા ચુચુભાઈને !! મુછો હલાવતા જાય ને હસતા જાય.

''અરે ચુચુ તને કાઈ ખબર પડે છે કે નહીં ?? અહીં ચીંચીંબેનનો ભૂખથી જીવ જાય છે ને તને હસવુ આવે છે !!

''હસુ નહીં તો શુ કરુ ? પાણીપુરીવાળો આવે ત્યા સુધીમા ચીંચીંબેનનુ ચીઝ બધુ ઓગળી જશે. પછી શુ ખાશે. ધૂળ ? ડાળીબેનને કહો કે હવે થડમા ફ્રીઝ રાખતા જાય !! બધા પખીડા એનુ ખાવાનુ ફ્રીઝમા મૂકી શકે !''

''હે હે હે હે પછી ત્યા બાજુમા ઓવન પણ રાખવ પડશે. ફ્રીઝમાથી કાઢોને ગરમ કરવા !!'' અચાનક કકુબેન બોલી.

''એવુ તો માણસ કરે !! તાજુ રાધે અને વાસી કરીને ખાય !! આપણે એવુ ના કરીએ ભાઈ !! રોજ ચણાય ને રોજ ખવાય !!''

''એ બધુ તો ઠીક પણ હવે ચીંચીંબેન ભૂખ્યા છે એનુ શુ ?'' કાકાભાઈ મુદ્દાની વાત પર આવ્યા.

''ચીંચીંબેન ભૂખી નહીં રહે, બધા નીચે આવો.'' ચુચુભાઈ બોલ્યા.

બધા પખીડા નીચે આવ્યા. ઝાડના થડ પાસે જાણે મીટીંગ ભરાઈ. ડાળીબેને વાત શરૂ કરી ત્યા તો ચીંચીંબેન રડવા જેવી થઈ ગઈ. ''મને બહુ ભૂખ લાગી છે.''

ચુચુભાઈ કહે, જુઓ હુ બાજુના ગોડાઉનમા ગયો હતો ત્યાથી આ મોટી બ્રેડ ખેચી લાવ્યો છુ. પાછળના રસોડામાથી રોટલી પણ તમે શુ ખાશો ચીંચીંબેન ???''

''ત્યા તો ચકો કૂદી પડયો, મારો ભાગ, મારો ભાગ!!''

''કોઈ ભૂખ્યુ નહીં રહે!!'' ઘુઘુભાઈએ રોટલી સૂઘી. એકદમ તાજી હતી. એમણે બ્રેડ પડતી મૂકી અને રોટલી હાથમા લીધી. બધાએ ભેગા થઈને એના ટુકડા કર્યા. એની ઉપર ચીઝ લગાવ્યુ ચીંચીંબેનને ડાળીએ ઝુલાવતા જાય, ખવડાવતા જાય અને ગાતા જાય.

તમે અમારા ચીંચીંબેન

ભૂખ્યા રહેવા દઈએ કેમ !

ચીંચીંબેનને હબુકપોળી !!

■